અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના તેનપુર ગામને પાંચ કિ.મી. વિસ્તારને બફરઝોન જાહેર કરાયો

કન્ટેઇનમેન્ટ ઝોનના તેનપુર ગામના લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ કોવિડ-૧૯ના કુલ-૧૨૦૦૦ થી વધારે કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ કોવિડ-૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ કોવિડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ ઓગણીસમો કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિડ-૧૯નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં કોવિડ-૧૯નો કેસ મળી આવેલબાયડ તાલુકાના તેનપુર ગામને ૫ કિ.મી ત્રિજયામાં આવેલ વિસ્તારને બફરઝોન વિસ્તાર કોવિડ-૧૯ Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર થર્મલ સ્કીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. કરવામાં આવશે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૧૪ મે ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

અરવલ્લીમાં ૭ દિવસ પછી વધુ એક કોરોના પોઝેટીવ કેસ

બાયડના તેનપુર ગામનો ૨૫ વર્ષીય યુવક કોરોનાગ્રસ્ત થતા વાત્રક કોવીડ હોસ્પિટલમાં ખસેડાયો

બાયડ, તા. ૩૦

કોરોનાએ વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. લોકડાઉન-૧માં કોરોનાથી સંપૂર્ણ મુક્ત રહેલા અરવલ્લી જિલ્લામાં લોકડાઉન-૨ જાહેર થતા અનેક લોકો અન્ય જિલ્લા અને કોરોનાગ્રસ્ત જિલ્લામાંથી અરવલ્લી જિલ્લામાં પ્રવેશતા જિલ્લામાં કોરોના વિસ્ફોટ થયો હતો અને ગણતરીના કલાકોમાં કોરોનાના ૧૮ દર્દીઓ નોંધાયા હતા. જેમાં ભિલોડાની કુશાલપુરાની વૃદ્ધાનું કોરોનાના કારણે મોત નિપજ્યું હતું. એક સપ્તાહ સુધી શાંત રહેલા કોરોનાએ બાયડ તાલુકાના તેનપુર ગામના ૨૫ વર્ષીય યુવકને સંક્રમિત કરતા લોકોમાં ભય સાથે ફફડાટ ફેલાયો છે. બાયડ તાલુકા આરોગ્યતંત્રે તેનપુર ગામના કોરોનાગ્રસ્ત યુવક તેના માતા-પિતાને વાત્રક કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડી આરોગ્યતંત્રએ કોરોનાગ્રસ્ત વિસ્તારમાં થર્મલસ્કિનીંગ અને સર્વેની કામગીરી હાથ ધરી દીધી છે. વહીવટીતંત્રે કોરોનાગ્રસ્ત વિસ્તારને ત્રણ કિ.મી. વિસ્તારને કોન્ટેન્ટમેન્ટ જાહેર કરી પ્રવેશબંધી ફરમાવી દીધી છે.

બાયડ તાલુકાના આંબલીયારા ગામે કોરોના પોઝીટીવ કેસ સામે આવ્યા બાદ વધુ એક ગ્રામ્ય વિસ્તારનો યુવક કોરોનામાં સપડાતા ગ્રામ્ય વિસ્તારોમાં ફફડાટ ફેલાયો છે. તેનપુર ગામના ૨૫ વર્ષીય પ્રિતેશ નરેશભાઈ પટેલ નામના યુવકને શરદી-ખાંસી તાવ જણાતા તેના પિતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા યુવકમાં શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા તકેદારીના ભાગરૂપે યુવકનો કોરોનાનો રિપોર્ટ કરાવ્યો હતો. પિતા-પુત્ર કોરોના પરીક્ષણ માટે સેમ્પલ આપી તેનપુર પરત આવી ગયા હતા ગુરુવારે યુવકનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા સિવિલ હોસ્પિટલે બાયડ આરોગ્યતંત્રને જાણ કરતા આરોગ્યતંત્રની ટીમ એમ્બ્યુલન્સ સાથે યુવકના ઘરે પહોંચી યુવક અને તેના માતા-પિતાને વાત્રક કોવીડ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

બાયડ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.ધર્મેશભાઈના જણાવ્યા અનુસાર કોરોના પોઝેટીવ યુવક અને તેના માતા-પિતાને વાત્રક કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડાયા છે. યુવકની સારવાર હાથ ધરી હતી અને યુવકના માતા-પિતાને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે અને યુવકને કોરોનાનો ચેપ કઈ રીતે લાગ્યો તેમજ યુવકની ટ્રાવેલ હિસ્ટ્રી છે કે નહિ તે અંગે જાણકારી મેળવવા તજવીજ હાથ ધરી તેનપુર ગામમાં સર્વેની કામગીરી હાથ ધરી સેનેટાઈઝ કરવામાં આવશેનું જણાવ્યું હતું.

લોકડાઉનનો ભંગ કરનાર ટોળાનો ફોટો પાડતા મામલો બીચકયો

વડગામ તાલુકાના ના ઈસ્લામપુરા ડેરી આગળ મોટી સંખ્યા માં લોકડાઉન નો ભંગ કરી ટોળું એકત્રિત થતાં ત્યાં થી પસાર થઈ રહેલ આશાવર્કરે માસ્ક પહેરવા સહિત સોશિયલ ડિસ્ટનસિંગ રાખવા નું કહેતા ઉશ્કેરાયેલા ટોળા એ આશાવર્કર ના પતિ સહિત ચાર શખ્સ ઉપર ધારીયા તેમજ પાઈપો વડે હુમલો કરી લોહી હુલાણ કરતા ઈજાગ્રસ્તો ને સારવાર હેઠળ ખસેડવા માં આવ્યા હતા જોકે આશાવર્કરે હુમલો કરનાર ૧૫ ઈસમો વિરુદ્ધ નામજોગ તેમજ વીસ થી પચ્ચીસ ના ટોળા સામે વડગામ પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી

બુધવાર રાત્રે વડગામ નજીક આવેલ ઈસ્લામપુરા ગામે આવેલ ડેરી આગળ મોટી સંખ્યા માં મુસ્લિમ સમાજ ના લોકો નું ટોળું લોકડાઉન નો ભંગ કરી ને એકત્રિત થયું હતું તે દરમિયાન ત્યાંથી ગામમાં આશાવર્કરે તરીકે ફરજ બજાવતા શુભરાબેન યાસીનભાઈ ચૌધરી ટોળા નો ફોટો પાડી લોકડાઉન હોઈ દૂર દૂર ઉભા રહેવા અને માસ્ક પહેરવાની સૂચના આપતાં ઉશ્કેરાયેલા ટોળા એ આશાવર્કર ને ઘેરી ભૂંડી ગાળો બોલતાં હોબાળો થતાં આશાવર્કર ના પતિ યાસીનભાઈ , અયુબભાઈ દાઉદભાઈ, અલીહુસેન રહીમભાઈ તેમજ સમીમબેન વચ્ચે પડી છોડાવવા જતાં તેમજ ગાળો બોલવાની ના પાડતા ધારીયુ સહિત લોંખડ ની પાઈપો વડે ફટકારતા ગંભીર ઈજાઓ પહોંચાડતા તાત્કાલિક ૧૦૮ દ્વારા સારવાર હેઠળ વડગામ સામુહિક આરોગ્ય કેંદ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા જોકે ઈસ્લામપુરા માં મારામારી થયા ના સમાચાર મળતાં વડગામ પીએસઆઈ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા માતબર રકમનું દાન

મુખ્યમંત્રીએ પણ વિવિધ સંસ્થાઓ અને સંગઠનોને ઉદાર હાથે દાન આપવાની અપીલ કરેલ છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ એક રાષ્ટ્રવાદી સંગઠન હોઈ દેશની સેવા માટે હંમેશા તત્પર હોય છે. તેમજ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા કરેલી જાહેરાતને અરવલ્લી શૈક્ષિક મહાસંઘે પણ સમર્થન આપેલ છે. આ સારુ થઈને અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકો મુખ્યમંત્રી રાહત ફંડમાં એક દિવસનો પગાર આપી આ મહામારી સામે લડવા માટે ફુલ નહિ તો ફુલની પાંખડી રૂપે યોગદાન આપવાના ભાગરૂપે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.કે. મોઢ પટેલને આજરોજ ૧,૦૨,૬૪,૯૫૩/- (રૂપિયા એક કરોડ બે લાખ ચોસઠ હજાર નવસો ત્રેપન) જેટલી માતબર રકમનો ચેક આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે અરવલ્લી જિલ્લાના પ્રમુખ મિનેષભાઈ પટેલ અને હોદ્દેદારો પ્રજ્ઞેશભાઈ શર્મા, રિતેશભાઈ પટેલ, ધર્મેશભાઈ પરમાર, ભરતભાઈ પંચાલ વગેરે જોડાયા હતા.

ખેડબ્રહ્માના ખેડવામાથી નકલી ડોક્ટર ઝડપાયો

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા તાલુકાનાં ખેડવા ગામે એક બી..એનો અભ્યાસ કરી ડોક્ટરની પ્રેક્ટિસ કરતો ઈસમાં જડપાયો હતો.

ખેડબ્રહ્મા તાલુકાનાં ખેડવા ગામે એક ઈસમ ગામમાં લોકોને એલોપેથી દવાઓ આપતો હોવાનીઓ વાત બહાર આવતા મેડિકલ ઓફસર ધ્વારા તપાસ દવાઓ સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડબ્રહ્મા તાલુકાનાં ખેડવા ગામે મેડિકલ ઓફિસર ડો. હિતેશ પટેલને બાતમી મળી હતી કે ખેડબ્રહ્માના વાસણા રોડ ઉપર રહેતો ચિરાગકુમાર રમેશભાઈ પ્રજાપતિ ખેડવા ગામમાં ડોક્ટર તરીકે કામ કાજ કરી રહયો છે જે આધારે મેડિકલ ઓફિસરની ટીમ ધ્વારા ખેડવા ગમે તપાસ કરતાં ચિરાગ પ્રજાપતિએ એક મકાનમાં દવાઓ સાથે ઝડપી ગયો હતો તેની પૂછપરછ કરતાં તેને જણાવેલ કે તે ખેડબ્રહ્મા ખાતે ખાતે ખાનગી હોસ્પીટલમાં કંપાઉન્ડર તરીકે નોકરી કરતો હતો અને તેને બી.એ. સુધી અભ્યાસ કરેલ છે. તેની પાસેથે ઈંજેક્સશન અને એલોપેથી દવાઓ મળી આવેલ જે ડોકટર તરીકે બોગસ પ્રેક્ટિસ કરતો હતો. આ ચિરાગ પ્રજાપતિ પાસે ડિગ્રી ન હોવા છતા પોતાના પાસે દવાઓ રાખી લોકોને એલોપેથી દવાઓ આપતો હતો. જેથી ખેડવા મેડિકલ ઓફિસર હિતેશ પટેલ ધ્વારા ચિરાગ પ્રજાપતિ વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં બોગસ તબીબ તરીકે પ્રેક્ટિસ કરવા અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવા બદલ ફરિયાદ નોધાવી હતી.

ગુજરાતમાં ફસાયેલા રાજસ્થાનના લોકો ચાલતા પોતાના વતન જવા માટે મજબૂર બન્યા

રાજસ્થાનના બાડમેર જિલ્લા માંથી કેટલાક લોકો પાટણ જિલ્લાના બહુચરાજીમાં કામ અર્થે આવ્યા હતા અને ખેતરમાં ખેત મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા પરંતુ લોકડાઉન થતા તમામ લોકોની મુશ્કેલી વધી હતી અને એક માસ કરતા વધુ સમય આ લોકો ગુજરાતમાં રહ્યા હતા પરંતુ હવે તેમની પાસે કોઇ વસ્તુ ન બચતા તેમ જ જીવન જરૂરિયાત સુવિધાઓ ના મળતા તે લોકો ચાલતા પોતાના વતન જવા માટે મજબૂર બન્યા છે ૧૫ થી પણ વધુ લોકો આજે ચાલતા ચાલતા ધાનેરા નજીક આવી પહોંચ્યા હતા ત્યારે અમારી ટીમ દ્વારા તમામ મજૂરોની મુલાકાત લેવામાં આવી હતી ત્યારે આ તમામ મજૂરોએ પોતાની વેદના સાથે આપવીતી જણાવી હતી અને રસ્તામાં પાણી કે જમવાની પણ કોઈ સુવિધા ન મળતાં તે લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અમારી ટીમ દ્વારા તમામ લોકો સુધી ભોજન પહોંચે તે માટે ધાનેરામાં ચાલતા કોંગ્રેસ સમિતિના રસોડા નો સંપર્ક કરવામાં આવ્યો હતો અને કોંગ્રેસ સમિતિના રસોડા દ્વારા તમામ તમામ લોકોને ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું ધાનેરા નજીક કોંગ્રેસ સમિતિની ટીમ દ્વારા આ લોકો સુધી પહોંચી અને આ લોકોને જમવાની તેમજ પાણીની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી તો સાથે સાથે આ લોકો પોતાના વતન જવા માટેની વ્યવસ્થા માટે પણ માંગ કરી હતી.

ડીસામાં શેરડી કોલા ધારકોની ડિપોઝીટ પરત અપાઈ

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં દર વર્ષે ઉનાળાના આરંભે છેક ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાંથી શેરડી કોલા ધારકો હંગામી ધંધો કરવા આવે છે જેમાં નગરપાલિકા દ્વારા સર્વ પ્રથમ તેમની પાસેથી ડિપોઝીટ પેટે અમુક રકમ લે છે બાદમાં હરાજી દ્વારા તેમને મનપસંદ જગ્યા શેરડીના કોલા માટે આપવામાં આવે છે પરંતુ આ વખતે ડિપોઝીટ લીધા બાદ લાંબા લોકડાઉનના કારણે હરાજી થઈ શકી નથી. ઉલટાનું ધંધા બંધ હોઈ પરપ્રાંતિય કોલા ધારકોને ભૂખે મરવાનો વારો આવ્યો છે જેને ગંભીરતાથી લઈ નગરપાલિકા પ્રમુખ કાંતિભાઈ સોની અને ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવી તથા પાલિકાના સદસ્યોએ તેમની ડિપોઝીટની રકમ ૫,૪૭,૦૦૦? પરત આપવાનો નિર્ણય લિધો છે પાલિકાના આ માનવતાવાદી કાર્યને શહેરીજનોએ મુક્ત કંઠે બિરદાવ્યું હતું.

આંતર રાજ્યોની સરહદો સીલ હોવાના દાવાઓ પોકળ

રાજસ્થાનના બાડમેરથી એક પરિવાર મોડાસાના પાલનપુર પહોંચતા લોકોમાં ભય

લોકડાઉનમાં અરવલ્લી જીલ્લાની આંતરરાજય અને જિલ્લા સરહદો સીલ કરી દેવામાં આવી હોવાના સતત દાવાઓ થઇ રહ્યા છે, ત્યારે અરવલ્લી જીલ્લામાં અન્ય રાજ્યો અને જીલ્લામાંથી લોકો વાહનો મારફતે આબાદ પહોંચી રહ્યા છે. જીલ્લા પોલીસતંત્ર માટે પણ અન્ય રાજ્ય અને જીલ્લામાંથી વિવિધ વાહનો અને પગપાળા પહોંચતા લોકો અને શ્રમિકોનો પ્રવેશ કોયડારૂપી બની રહ્યો છે. રાજસ્થાન અને ગુજરાત સરકાર આંતરરાજ્ય સરહદો સીલ કરી દેવામાં આવી હોવાનો દાવાઓ થઈ રહ્યા છે ત્યારે મોડાસા નજીક આવેલા પાલનપુર ખાતે રાજસ્થાનના બાડમેરથી પરિવાર આવી પહોંચતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. આ અંગે જાગૃત નાગરિકે ડીડીઓ ડૉ. અનિલ ધામેલીયાને જાણ કરતા બાડમેરથી આવેલ પરિવારની થર્મલ સ્કીનિંગની કામગીરી કરી પરિવારને હોમકોરન્ટાઈન કર્યો હતો.

રાજસ્થાનના બાડમેરના ખેતેશ્વર પનેસિંહ રાજપુરોહિત પરિવાર સાથે મોડાસાને અડીને આવેલા પાલનપુર ગામમાં રહે છે. ગામમાં કરિયાણાની દુકાન અને મોડાસા માર્કેટયાર્ડમાં દુકાન ધરાવે છે. લોકડાઉન પહેલા પરિવાર સાથે રાજસ્થાનના બાડમેર ખાતે પારિવારિક કામકાજ અર્થે ગયા હતા. હાલ લોકડાઉન-૨માં આંતરરાજ્ય અને જીલ્લા સરહદો સીલ હોવા છતાં કોરોના સંક્રમણની દહેશત વચ્ચે ખેતેશ્વર પનેસિંહ રાજપુરોહિત અને તેમના પરિવારના સદશ્યો સાથે પાલનપુરમાં પહોંચતા લોકોમાં કોરોના સંક્રમિત થવાનો ભય પેદા થતા ભારે ફફડાટ ફેલાયો હતો. લોકડાઉનમાં ચુસ્ત પોલીસે બંદોબસ્ત દાવાઓ વચ્ચે રાજસ્થાની પરિવાર પાલપુર પહોંચતા લોકોમાં ભારે આક્રોશ છવાયો હતો અને તંત્રની કામગીરી સામે પણ અનેક સવાલો ઉઠાવ્યા હતા. જાગૃત નાગરિકે જીલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલિયાને જાણ કરતા તાબડતોડ આરોગ્યતંત્ર અને ગ્રામ પંચાયતના તલાટી અને સરપંચને આ અંગે કાર્યવાહી કરવા સૂચના અપાતા તલાટી, બોલુન્દ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અધિકારીઓ અને કર્મચારી પરિવારના ઘરે પહોંચી થર્મલ સ્કીનિંગ સર્વેની કામગીરી કરી પરિવારને હોમકોરન્ટાઈન કરવામાં આવ્યો હતો.

હિંમતનગરમાં ૧૨૫૬ કિલો મીઠાઈ-ફરસાણનો નાશ કરાયો

હિંમતનગર, તા. ૩૦

છેલ્લા સવા મહિનાથી હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં લદાયેલા લોકડાઉનને લીધે બજારો સંપુર્ણ બંધ છે. ત્યારે હિંમતનગર સહિત જિલ્લાના અનેક ઠેકાણે આવેલી સ્વિટ્સ અને ફરસાણની દુકાનોમાં ખાદ્યપદાર્થો વપરાશ વિના બિનઉપયોગી બની ગયા છે. ત્યારે લાલચુ વેપારીઓ ગ્રાહકોને આ વાસી ખાદ્યપદાર્થો પધરાવીને લોકોના આરોગ્ય સાથે ચેડા ન કરે તેની તકેદારી રૂપે ગુરૂવારે ફુડ એન્ડ ડ્રગ્સ તથા નગરપાલિકા દ્વારા શહેરની દસથી વધુ દુકાનોમાં તપાસ કરીને અંદાજે ૧૨૫૬ કિલોથી વધુ મીઠાઈ અને ફરસાણના જથ્થાનો નાશ કરી દીધો હતો. ઉપરાંત અરવલ્લી જિલ્લામાં પણ આવેલ સ્વિટ્સ એન્ડ ફરસાણની દુકાનોની તપાસ કરાશે.

આ અંગે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી પવન પટેલ તથા નગરપાલિકાના ચીફ ઓફીસર અલ્પેશ પટેલના જણાવાયા મુજબ લોકડાઉનને લીધે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલી સ્વિટ્સ એન્ડ ફરસાણ માર્ટની અનેક દુકાનો બંધ હોવાને કારણે તેમાં મીઠાઈ અને ફરસાણની અનેક આઈટમો વેચાયા વિના પડી રહી છે. જોકે ખાંડ તથા કલર અને દુધના માવ મિશ્રીત આ મીઠાઓ લાંબો સમય ટકી શકતી નથી જેથી તે અખાદ્ય બની જાય છે. આ જાણતા હોવા છતાં કેટલાક વેપારીઓ નફાની લાલચે આવી અખાદ્ય ચીજો ગ્રાહકોને ન પધરાવે તે જોવાની જવાબદારી તંત્રની છે.

જેને લઈને ગુરૂવારે નગરપાલિકા અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે સંયુક્ત કામગીરી કરીને હિંમતનગરના સિવિલ સર્કલ તથા મહાવીરનગર, સહકારી જીન રોડ, મહેતાપુરા સહિત અન્ય સ્થળે આવેલ મીઠાઈની દુકાનોમાં તેના માલિકોને સાથે રાખીને તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કેટલીક મીઠાઈ તથા ફરસાણ પર ફુગના પડ જામી ગયા હતા. જેથી તેને અખાદ્ય જાહેર કરીને તેનો નાશ કરવાનો નિર્ણય લેવાયો હતો. ત્યારબાદ હિંમતનગરની દસથી વધુ મીઠાઈની દુકાનોમાં તપાસ કર્યા બાદ અંદાજે ૧૨૫૬ કિલો જથ્થો નાશ કરવા માટે તેને પાલિકાની કાટવાડ નજીક આવેલ ડપીંગ સાઈટ પર મોકલી દેવાયો હતો.

કણાદરના જંગલમાં લોકોને રંજાડતો દીપડો પાંજરે પુરાયો

હિંમતનગર, તા. ૩૦

વિજયનગર તાલુકાના કણાદર પાસે આવેલા સરદારનગરના જંગલમાં બે દિવસ અગાઉ વહેલી સવારે મહુડાના ફુલ વિણવા ગયેલી એક ૩૪ વર્ષની મહિલાને દીપડાએ ફાડી ખાદા બાદ આ દીપડાને પકડવા માટે વન વિભાગે બુધવારે જંગલની એક કિલોમીટરની ત્રીજયામાંથી ચાર પાંજરા મુકીને દીપડા માટે શિકારની લાલચ આપી હતી. દરમિયાન બુધવારે મોડી રાત્રે શિકારની શોધમાં નિકળેલો આ માનવભક્ષી દીપડો પાંજરે પુરાઈ ગયો હતો. અને ગુરૂવારે આ વિસ્તારના અનેક લોકો તેને જોવા માટે ઉમટી પડ્યા હતા.

આ અંગે વન વિભાગના ધોલવાણી ફોરેસ્ટ આર.એફ.ઓ. તથા તેમની ટીમના સભ્યો વતી વી.કે. પટેલ અને ફોરેસ્ટર બી.બી. બારાના જણાવાયા મુજબ બે દિવસ અગાઉ સરદારનગરના જંગલમાં મહુડાના ફૂલ વિણવા ગયેલી એક મહિલાને દીપડાએ ફાડી ખાધા બાદ આ વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. અને કણાદર પંચાયત દ્વારા વન નવિભાગને રજુઆત કરીને દીપડાને પકડવા જણાવાયુ હતુ. જે સંદર્ભે બુધવારે વન વિભાગ દ્વારા સરદારનગરના જંગલ વિસ્તારમાં એક કિલોમીટરની ત્રીજયામાં મુકાયેલા ચાર પાંજરામાં દીપડા માટે શિકારની વ્યવસ્થા કરીને લાલચ આપી પકડી પાડવાની વ્યુહરચના ગોઠવવામાં આવી હતી.